ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ,
ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧.

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨

રેફ.નં.: ક.યુ./ E.C.-Minuits/4th Jun /૨૦૦૯/ ૧૪૮૬ થી ૧૪૯૮ તા. ૧૬/૦૬/'૦૯

પ્રતિ,
ડૉ.કે.વી.ગોર.
માનનીય કુલપતિશ્રી,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય :–** તા.૦૪/૦૬/'૦૯નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એકિઝકયુટીવ કાઉનિસલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત....

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૪/૦૬/'૦૯નાં રોજ મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ.
**નકલ રવાના:** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૦૪/૦૬/'૦૯ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધઃ

આજ રોજ તા.૦૪/૦૬/'૦૯નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ<br>મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજયુકેશન સોસાયટી, અંજાર. | ગેર હાજર |
| શ્રી મહેશભાઈ આહિર,<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| ડૉ. દર્શનાબેન ધોળકીયા,<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન.<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડૉ. બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ,શિક્ષણશાસ્ત્ર ભવન,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી,<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>સેક્રેટરી | હાજર |

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધને બહાલી આપવામાં આવેલ.

મેળવતા વિદ્યાર્થીઓની ફી લેવા માટે યુનિવર્સિટી જે વ્યવસ્થા હાથ ધરશે તેમાં સંસ્થાએ સહયોગ આપવાનો રહેશે અને અપાયેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સંસ્થાએ શરતોનાં અનુસંધાને બાંહેધરી પત્રકો દિન–૧૦માં યુનિવર્સિટીમાં જમા કરાવવાનાં રહેશે.

(નોંધઃ– ઉપર્યુકત ઠરાવ વખતે સભામાં શ્રી અરજણભાઈ કાનગડ હાજર હતા અને તેમણે તમામ શરતોનાં આમલીકરણ બાબતે સંમતિ દર્શાવેલ છે.)

૩. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે....

૧. સરકારી વિજ્ઞાન કોલેજ,માંડવીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી,માંડવી શહેર મુકામે સરકારી વિજ્ઞાન કોલેજ શરૂ કરવા મળેલ જોડાણ અરજી બાબતે...

**<u>ઠરાવ : ૨ :</u>** ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા કચ્છ જિલ્લાને માંડવી ખાતે નવી વિજ્ઞાન કોલેજ ફાળવાયેલ હોય અને સરકારી કોલેજ હોવાથી શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી કોલેજ શરૂ થાય તે માટે જોડાણની તમામ પ્રક્રિયા હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૨. શ્રી આર.આર.લાલન કોલેજ,ભુજ ખાતે બી.એસસી. અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષથી ઈલેકટ્રોનીકસ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટનો અભ્યાસક્રમ શરૂ કરવા મળેલ જોડાણ અરજી બાબત...

**<u>ઠરાવ : ૩ :</u>** શ્રી આર.આર.લાલન કોલેજ,ભુજ ખાતે બી.એસસી.માં નવો અદ્યતન અભ્યાસક્રમ ઈલેકટ્રોનીકસ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ શરૂ કરવા આવેલ જોડાણ અરજી દરખાસ્ત ખાસ કિસ્સામાં સ્વિકારવામાં આવે છે અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી નવા વિષયનાં જોડાણ તરીકે જોડાણની આગળની તમામ પ્રક્રિયા હાથ ધરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવે છે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ

**નકલ રવાનાઃ–** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.